# GUJARATI
# PAPER–III
# OCT–10/06

Signature of Invigilators

1. ..................................

2. ..................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..................................

..................................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronic Devices is prohibited.
8. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠની જમણી બાજુની ઉપર આપેલી જગ્યામાં તમારો ક્રમાંક (રોલ નંબર) લખો.

૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.

૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.

૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૬. આ ઉત્તરપોથીમાં કોઈપણ સ્થાને તમારી ઓળખ કરાવે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.

૮. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

Total Marks obtained ..................................

Signature of the co-ordinator ......................
(Evaluation)

SEAL

**GUJARATI**

**PAPER - III**

**ગુજરાતી**

**પેપર - III**

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **ચાર** વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

## વિભાગ I

**નોંધ :** નીચેનામાંથી કોઈ **એક** નિબંધ **૫૦૦** શબ્દોમાં લખો. (૨×૨૦=૪૦)

1. દયારામનાં પદોની સમૃદ્ધિ.

**અથવા**

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં દલિતસંવેદનનું નિરૂપણ.

**નોંધ :** નીચેનામાંથી કોઈ **એક** નિબંધ **૫૦૦** શબ્દોમાં લખો.

2. ગુજરાતી નવલકથામાં ગ્રામચેતનાનું આલેખન.

**અથવા**

મધુ રાયનાં એકાંકીઓમાં આધુનિકતાવાદી વલણો.

## વિભાગ II

**નોંધ :** નીચે આપેલ પ્રશ્ન ક્રમાંક **3, 4** અને **5** પ્રત્યેકમાંથી કોઈ એક એક પ્રશ્નજૂથની પસંદગી કરીને ઉત્તર **300** શબ્દોમાં લખો :

3. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) રસધ્વનિ એટલે શું ? સદૃષ્ટાંત વર્ણવો.

(બ) લોન્જાઈનસે જણાવેલા ઉદાત્તતાના સ્રોત.

(ક) રમણભાઈ નીલકંઠની ઊર્મિપ્રધાન કવિતાની વિચારણા.

**પ્રશ્નજૂથ : 2**

(અ) કુંતકે આપેલી કાવ્યવિભાવના સમજાવો.

(બ) કવિતાના ત્રણ સૂર વિશે ટી.એસ. એલિયેટની વિચારણા.

(ક) વિવેચકની સજ્જતા વિશેના નવલરામના ખ્યાલો.

**પ્રશ્નજૂથ : 3**

(અ) સાધારણીકરણ વ્યાપાર સમજાવો.

(બ) નવ્યવિવેચનનાં ગૃહિતો.

(ક) સર્જનપ્રક્રિયા વિશે ઉમાશંકર જોશીના વિચારો સમજાવો.

4. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) ફાગુસ્વરૂપનાં લક્ષણો જણાવો.

(બ) ખંડકાવ્યનાં સ્વરૂપગત લક્ષણો સમજાવો.

(ક) સાહિત્યસ્વરૂપ તરીકે ટૂંકી વાર્તાના વિશેષો.

**પ્રશ્નજૂથ : 2**

(અ) સુધારકયુગની લાક્ષણિકતાઓ.

(બ) પંડિતયુગની કવિતામાં દર્શન.

(ક) ગાંધીયુગના સાહિત્યમાં જીવનભાવના.

**પ્રશ્નજૂથ : 3**

(અ) 'સુદામા ચરિત્ર' મૈત્રી કાવ્ય કે ભક્તિ કાવ્ય.

(બ) 'મળેલા જીવ' નવલકથાની પાત્રસૃષ્ટિ.

(ક) 'વનાંચલ' માં પ્રકૃતિરાગ.

5\. **પ્રશ્નજૂથ : 1** 15

(અ) માનવ જીવનમાં ભાષાની ઉપયોગિતા.

(બ) માન્ય ભાષા અને બોલી વચ્ચેનો ભેદ.

(ક) માન્ય ગુજરાતી ભાષાના સ્વરો.

**પ્રશ્નજૂથ : 2**

(અ) ગુજરાતીના પરપ્રત્યય.

(બ) ગુજરાતી ભાષાના દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દો.

(ક) ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ.

**પ્રશ્નજૂથ : 3**

(અ) સાહિત્યિક સંશોધન અને સાહિત્યિક વિવેચન વચ્ચેનો ભેદ.

(બ) લોકસાહિત્ય ક્ષેત્રે મેઘાણીનું પ્રદાન

(ક) હસ્તપ્રતને આધારે પાઠસંપાદન.

**Q. No. 3. ...............**

**Q. No. 4.** ...............

**Q. No. 5. ...............**

## વિભાગ III

**નોંધ :** નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 14 ના પ્રશ્નોના ઉત્તર **50** શબ્દોમાં મુદ્દાસર લખો : 9×10=90

6. 'રામાયણ' માં ભારતીય જીવનમૂલ્યો.

7. 'આરણ્યક' માં લેખકનો પ્રકૃતિપ્રેમ.

8. ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા.

9. ન્હાનાલાલની ડોલનશૈલી.

10. સ્વામી આનંદના ગદ્યવિશેષો.

11. 'પ્રતીક' કાવ્યસંગ્રહમાં નવોન્મેષ.

12. 'પેરેલિસિસ' માં આધુનિક માનવીયસંવેદના.

13. હિમાંશી શેલતની વાર્તાઓમાં નારીચેતના.

14. 'ઓથેલો' માં માનવીય કરુણતાનું દર્શન.

## વિભાગ IV

નીચે આપેલા પરિચ્છેદનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :

(દરેક જવાબ 30 શબ્દોમાં હોવો ઘટે.) 5×5=25

વિદ્યાપીઠનાં કાર્યક્ષેત્ર અને લક્ષ્ય વિશે ફરીથી વિચારવાનો સમય આવી ગયો છે. વિદ્યાપીઠના તંત્રવાહકો એના સંચાલન માટેનાં ધારાધોરણો કાયદાની કુનેહથી બરાબર ઘડી કાઢે છે. પણ એ બધા વહીવટી પ્રપંચની સાભિપ્રાયતા જેના પર આધાર રાખે છે તે મૂળ હેતુ વિશે કશી સ્પષ્ટતા છે ખરી ? સામાન્ય રીતે એમ કહેવાતું આવ્યું છે કે, વ્યાપક દૃષ્ટિએ જોતાં, યુવાનોને કેળવવા તે વિદ્યાપીઠનું લક્ષ્ય છે. સહેજ સરખું કારણ મળતાં કે કારણ ન હોય ત્યારે આ કે તે પક્ષનો હાથો બનીને દંગલ મચાવનાર આજના વિદ્યાર્થીને આપણે કેળવાયેલો કે કેળવણી પામવાના હેતુથી વિદ્યાપીઠમાં આવેલો ગણી શકીશું ?

આજની વિદ્યાપીઠોમાં શિક્ષણ પરત્વે ત્રણ લક્ષ્યને સ્વીકારવામાં આવ્યાં હોય એવી સમજ પ્રવર્તે છે. ક્રમિક રૂપે એ ત્રણ લક્ષ્ય આ પ્રમાણે છે : વિદ્વાનો અને તે તે વિષયના તદ્વિદોએ પ્રાપ્ત કરેલું જ્ઞાન તથા ભૂતકાળમાં પ્રાપ્ત થયેલું અને પુસ્તકાલયોમાં સંચિત થયેલું

જ્ઞાન વિદ્યાર્થીઓને આપવું, વિદ્યાર્થીઓને ભવિષ્યમાં એ જે વ્યવસાય કે કારકિર્દી સ્વીકારવા માંગતા હોય તે માટેની સજ્જતા પ્રાપ્ત કરાવવી, માનવી, એ જે જગતમાં રહે છે તે અને તેનું પોતાના સંદર્ભ વિશેનું જ્ઞાન આ વિશે જે વિચારાયું છે અને વિચારાઈ રહ્યું છે તેનું પરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની સજ્જતા કેળવવી. મને લાગે છે કે આ પરત્વે તો ઝાઝો મતભેદ હોવાનો સંભવ નથી. કોઈ પણ વિદ્યાપીઠ પોતાના વિદ્યાર્થીને એની સમકાલીન વિચારણાને આલોચનાત્મક રીતે તપાસીને પોતાના વ્યવહાર માટે વિવેક કરવાની શક્તિ આપી શકતી ન હોય તો એ પોતાના મૂળભૂત ઉદ્દેશમાં નિષ્ફળ ગઈ છે એમ જ કહેવાનું રહે. પ્લેટોની અકાદમીથી માંડીને આપણે જેના આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખીને આપણી વિદ્યાપીઠોને સ્થાપી હતી તે ઓક્સફર્ડ કે કેમ્બ્રિજ આ છેલ્લા હેતુને ચૂકી જઈને નિષ્ફળતા વહોરી લેવાનું સ્વીકારે નહિ. એ બધાને માટે એ જ તો સૌથી મહત્વની શૈક્ષણિક પ્રવૃત્તિ હતી. અમેરિકામાં તો ઘણી મહત્વની ઈજનેરી અને ટેકનોલોજીનું શિક્ષણ આપનારી સંસ્થાઓ આ હેતુનો પોતાના અભ્યાસક્રમમાં સમાવેશ કરે છે. આપણે ત્યાં તો વિજ્ઞાન અને વાણિજ્યના વિદ્યાર્થીઓ ભાષાવિજ્ઞાનને પણ વધારાના બોજારૂપ વિષય ગણીને વિરોધ કરતા રહ્યા છે.

15. આજકાલ વિદ્યાપીઠોમાં શિક્ષણ વિશે કેવા વિચારો પ્રવર્તે છે ?

16. વિદ્યાર્થી પાસે કેવા પ્રકારની સજ્જતાની અપેક્ષા રાખવામાં આવે છે ?

17. વિદ્યાપીઠોનો મૂળ ઉદ્દેશ શો હતો ?

18. શિક્ષણની સર્વગ્રાહીતા વિશેના ખ્યાલો વર્ણવો.

19. વિજ્ઞાન, વાણિજય અને ભાષાસાહિત્યના અભ્યાસ વિશેના વિચારો સ્પષ્ટ કરો.

ROUGH WORK

SEAL